## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

મને સાથ એનો મળ્યો છે સદાનો
કહો કેટલો પાડ માનું વ્યથાનો !
કહે છે હૃદય : સાવ નિર્દોષ છે તું
પછી હોય શો ડર ગમે તે સજાનો !
કબૂલીશ એ વાત ક્યારેક તું પણ
નથી માનવી હું ય નાના ગજાનો

'બેજાન' બહાદરપુરી

### પાથેય

- રમેશ ઠક્કર

## માણસની તરસ...

માણસને ઈશ્વરે વિતેલા સમયને વાગોળવાની સગવડ કરી આપીને સખાવત કરી નાખી છે..નાકની દાંડીએ જીવતો માણસ ઘડીભર વિસ્મયને આંજી વિતેલી વાટનાં પદચિન્હો નિરખતો રહે તો હવામાં હજુ પણ સુગંધ હોવાની પ્રતિતી થયા વગર રહેતી નથી..!માણસમાત્રને વિતી ગયેલા સમયનું એક આકર્ષણ હોય છે..સર્જકો અને કલાકારો આ બાબતમાં જરીક વધારે આળા હોય છે..માણસ જો પોતાના મનને મનાવી શકતો હોય તો બાકી જગત આપોઆપ એના માટે સહજ બની જાય છે.

આપણું વિહવળ મન જાણેઅજાણે અતીતનું કોઈક અનુસંધાન શોધે છે ત્યારે આપોઆપ કોઈક મીઠા સંવેદનને સાંધે છે! વિતેલી પળોની પાદપુર્તિ સુખદ તો હોયજ છે પરંતુ એમાં દર્દ હોય તો પણ એ સહજ હોય છે.કહેવાય છે કે સ્મૃતિના કોષો કાયમી હોય છે અથવા તો એનું હસ્તાંતરણ એક અજાયબ ઘટના જેવું હોય છે...ક્ષણ પહેલાંની ક્ષણોને ભુલી જતો માણસ વરસો પહેલાંની રજકણ જેવી ક્ષણને પણ લાઈવ અનુભવી શકે છે...!

સ્મરણનું વ્યાકરણ અકથ્ય જ નહીં અવ્યાપ પણ છે..મનગમતી કોઈ વ્યકિત..સુખદ યા સંઘર્ષમય કોક પળો..સ્થળવિશેષ.. કોઈ કિનારો..કોઈ સહારો...બધું જ જીવવા માટેનો સધિયારો બની જાય છે..જીવનના રિવર્સ ગિયરની પણ આગવી ગતિ હોય છે..જેના થકી થોડીક અનુકુળતાને અનુભવી માણસ સીધી લીટીની પોતાની સફરને જીવંત સ્પર્શ આપી શકે છે.અતિત નું કોઈક ઝરણું જ આપણને ઝંકૃત કરી જાય એવું નથી હોતું..કોઈક તરણું પણ મજાનું ઓવારણું લઈને પ્રગટતું હોય છે..અવનિના અજાયબ અચરજો વચ્ચે અતિતને ઉખેળવાની આ નિસર્ગદત્ત સાનુકુળતા એકવિધ આપણી ઉંમરને ઊર્મિઓનું ઉંજણ આપી જાય છે..જેના થકી બરડ અને બરછટ બની જતી આપણી ગતિનો કર્કશ કર્ણરવ નવો ધ્વનિ પ્રાપ્ત કરે છે..આપણા કોલાહલને કમનીય બનાવી શકે છે..વર્તમાનના વ્યાવધાન વચ્ચે વિતેલા સમયનું જરાક અનુસંધાન સરી રહેલી ક્ષણોને સંવર્ધિત કરે છે..આપણી ગતિને નવો લય આપે છે....

આપણે ધન દોલત કે કીર્તિનાં કોટડાં ચણતા રહીએ..પણ આપણી અંદરની મ્હોલાતને મારતા રહીએ છીએ..બધું પામવા છતાં પણ આપણે કશુંક માગવું હોય છે..જે મળ્યું છે એનો હિસાબ કે આનંદ હોતો નથી..આપણે તો એવા માણસો છીએ કે ભર વસંતમાં બેઠા હોઈએ તો પણ ગઈકાલની હું પાનખર છું એમ માની નિરાશ થતા રહીએ..! માણસનો શણગાર એનો ભૌતિક વૈભવ નહી પણ એનું અંદરનું ઓજસ હોય છે !

# ગ્રીષ્મા હત્યા કેસનો ચુકાદો દાખલારૂપ છે

**તંત્રીસ્થાનેથી...**

અદાલત ન્યાય માટે રચાય છે એટલે ગુનેગારને એના ગુનાની ગંભીરતા મુજબ સજા કરવી એ અદાલતનો ધર્મ બની રહે છે. સુરત આમ તો સોનાની મૂરત બની રહ્યું છે. પરંતુ એમાં ગુનાખોરીએ પણ આર્થિક વિકાસની લગોલગ વિક્રમ તોડ્યા છે. છાશવારે ખૂન, બળાત્કાર અને મારામારીની બનાવો બની રહ્યા છે. કયારેક તો એવી ધાસ્તી પણ લાગે કે ગુજરાતનું આ ડાયમંડ સિટી 'ક્રાઈમ સિટી' બનવા ભણી તો દોટ નથી મૂકી રહ્યું ? બહુચર્ચિત ગ્રીષ્મા હત્યા કેસનો સમયસર ચુકાદો જાહેર કરીને તંત્ર જન સાધારણની પ્રશંસા પામી રહ્યું છે. અત્યારે ગુજદરાતમાં સુરતી નેતાઓની બોલબાલા છે. મુખ્યમંત્રી ભલે અમદાવાદના હોય પણ સુપર ચીફ મિનિસ્ટર સુરતવાસી છે. ગૃહ રાજયમંત્રી સુરતના હોવા ઉપરાંત ઉત્સાહી યુવાન છે. ગ્રીષ્મા હત્યા કેસમાં ન્યાય અપાવવા એમણે એમના પોલીસતંત્રને તાકીદ કરી હતી અને ગ્રીષ્માનાં માતાપિતાને વચન આપ્યું હતું તે પાળી બચાવ્યું છે. ન્યાયધીશ તો પુરાવાઓના આધારે ચુકાદો આપે છે. ગ્રીષ્મા હત્યા કાંડના આરોપી ફેનિલ સામે જડબેસલાક પુરાવા એકઠા કરવા માટે સુરતના પોલીસતંત્રે ખાસ્સી જહેમત ઉઠાવી હતી. ગ્રીષ્મા હત્યા કેસમાં ફેનિલનો ગુનો સ્પષ્ટ હતો. પુરાવા તરીકે એ સ્થળ પર ઊભા રહી લોકોએ ઉતારવેલ વીડિયો પણ ખપ લાગ્યો. વળી ગ્રીષ્માને જે ક્રૂરતાપૂર્વક અને આયોજનપૂર્વક 'હલાલ' કરી દેવાઈ તે દશ્ય કોઈ કઠોર દિલના માનવીનું પણ કાળજું કંપાવી દે તેવું હતું. ગ્રીષ્માને મારી નાખવાનું રીતસરનું સુયોજિત કાવતરું રચવામાં આવ્યું હતુ અને એ માટે બે ચપ્પુ ખરીદવામાં આવ્યાં હતા. એટલે ફેનિલને યુવાવયનો ગણીને એની સજા ઓછી કરવાની દલીલ કરનાર વકીલ પાસે પણ આ 'રેરેસ્ટ ઑફ રૅર' કેસનો ઉશ્કેરાટમાં ભરાયેલું કૃત્ય સાબિત કરવા માટે કોઈ મુદ્દો બચ્યો ન હતો. વિદ્વાન ન્યાયધીશે મહાભારત અને મનુસ્મૃતિનાં દંડવિધાન ટાંકી ને આવા અપરાધો માટે વધુમાં વધુ કઠોર સજા ફરમાવી એ ન્યાયાધીશની ફરજ બની રહે છે એવું પ્રતિપાદિત કર્યું. જો આવા જઘન્ય અપરાધીઓ પ્રત્યે દયાભાવ રાખવામાં આવે તો જનસમાજમાં તંત્ર પ્રત્યે કોઈ શ્રદ્ધા જ ન રહે અને ન્યાયપાલિકાનો ડર જ ન રહે. ભય વગર પ્રીતિ શક્ય નથી. આવા ગુનેગાર પ્રત્યે ઉદારતા રાખવાથી ગુનેગારોને બેફામ બનીજવાની તક મળે. ન્યાયાધીશે પોલીસ દ્વારા ભારે જહેમત ઉઠાવી પૂરા પાડેલા પુરાવાઓ પણ ટાંક્યા છે અને કોઈ પણ સંજોગોમાં આ કૃત્ય આવેશમાં આવી જઈને કરાયેલું ત્વરિત કૃત્ય નથી પણ આયોજનપૂર્વક હત્યાનું કાવતરું રચવામાં આવ્યું છે. વળી ગ્રીષ્માનું ગળું રહેંસી નાખનાર ફેનિલ કોઈ માનસિક રોગી પણ નથી. એણે ગ્રીષ્માના પરિવારજનો પર પણ હુમલો કર્યો હતો. ટૂંકમાં એની સજા ઓછી કરવાથી એ સુધરી જશે એવી દલીલમાં ન્યાયધીશને કોઈ જ વજૂદ વરતાયું નહોતું અને એમણે એને ફાંસીના માંચડે લટકાવી દેવાની સજા ફરમાવી હતી. ન્યાયપાલિકા જયારે તટસ્થ રીતે ન્યાય આપતી હોય ત્યારે તંત્ર એમાં દખલ ન કરે તે જરૂરી છે. અહીં તો તંત્ર પોતે જ પીડિતાને ન્યાય અપાવવા પ્રો-એક્ટિવ બન્યું હતું અને એથી જ વિક્રમજનક સમયગાળામાં પીડિયાને ન્યાય આપી શકાયો છે. ગુજરાતની આ અદાલતનો ફેંસલો એ દૃષ્ટિએ નમૂનારૂપ લેખાશે. એટલું જ નહીં, બીજા આવા જ કેસોમાં પણ ન્યાય પ્રક્રિયા જડપી બનશે. પંજાબના પૂર્વ મુખ્યમંત્રીની હત્યામાં ગુનેગાર ઠરેલા અને ફેનિલની જેમ પોતાના ગુના બદલ લેશ પણ પસ્તાવો ભાવ નહીં દર્શાવનારા સરદારજીત હજી સુધી ફાંસી આપી શકાઈ નથી. ત્યાંના રાજકીય પક્ષ અને સરકારો જ એની ફાંસીની સજા અટકાવવામાં કારણફુત બની રહ્યા છે. ગુજરાત એમના માટે રોલ મોડલ પુરવાર થઈ શકે એમ છે. અલબત્ત, ફેનિલ પાસે હજુ છેક સુપ્રીમ કોર્ટ સુધી ઘા નાખવાનો વિકલ્પ બચેલો છે.

# ડોક્ટરો ખરેખર સેવા કરે છે ?

## ડોકટરો સમાજ પ્રત્યે પોતાની ફરજ અદા કરે છે ખરા?




આજે વિપુલ સૌથી પહેલા આવી ગયો હતો. ૫-૧૦ મિનિટ બેસી રહ્યા પછી વિપુલ અકળાયો. હવે બધા આળસુ થઈ ગયા છે. કોઈને સમયની કિંમત નથી. બધા પોતાની મનમાની કરે છે. અમારા ઘરનું બધું કામ છોડીને અહીંયા સમયસર આવી જઈએ છીએ. નિલેષ, ગાંડાલાલ, ડાહ્યાલાલ ને જાણે મારી પડી જ નથી. આવું વિપુલ પોતાના મનમાં વિચારી રહ્યો હતો. ત્યાં જ ગાંડાલાલ દેખાયા. ગાંડાલાલ પોતાની ખુરશી લઈને બેઠા હતા. ત્યાં જ ડાહ્યાલાલ આવ્યા. ડાહ્યાલાલ સજ્જન માણસ. વિપુલના મોં ઉપરના ચિહ્નો જોઈને ડાહ્યાલાલ સમજી ગયા કે કંઈક દાળમાં કાળુ છે અને તરત જ ડાહ્યાલાલે પૂછ્યું કેમ વિપુલ આજે મૂડમાં નથી ? યાર થોડું મોડું વહેલું તો થાય એમાં આટલા બધા અકળાઈ જવાનું નહીં. બધે આપણા બધા મિત્રો છીએ આવું તો થાય. વિપુલ જરા શરમાયો પણ યાર આ તો હું કયારનો રાહ જોઉં છું. કોઈ આવતું નથી. એ જરા વધારે પડતું છે. ગાંડાલાલ બોલ્યા, અરે ભાઈ, તું તો પહેલીવાર આવ્યો. અમે તો ઘણીવાર પહેલાં આવીએ છીએ અમે તો કંઈ મોં બગાડ્યું નથી.

અને જો વિપુલ હજુ પણ ખોટું લાગ્યું હોય તો ઘરે જા અને સરસ મજાનો ભાભીએ રસ કાઢી રાખ્યો છે તો રસ અને પુરી જઈને આરોગો. અને એનાથી વધારે ખોટુ લાગ્યું હોય તે બે રોટલી વધારે ખાજે. હા પણ.. ગાળો દેવાની પણ છોડ. ડાહ્યાલાલ વચ્ચે પડ્યા હવે આપણે કંઈ તનની તંદુરસ્તી માટે વાત કરીએ. આપણી ગાડી તો આડે પાટે ચડી ગઈ છે. ગાંડાલાલ બોલ્યા કશું બોલવા જેવું નથી.... મારા બે-ચાર ડૉકટર મિત્રક્ષો છે અને એક-બે લેબવાળા મિત્રો છે. બિચાર નવરા બેસી રહ્યા છે. કોઈની પાસે કંઈ કામ જ નથી. કોરોનાની રસી શું લીધી જેમાં કોરોનાની સાથે-સાથે મેલેરિયા, કમળો, ટાઈફોઈડ અને વાયરલ ફિવર બધું જ અદશ્ય થઈ ગયું છે. આ ૪૨-૪૪ ડિગ્રી ગરમીમાં શેરડીના રસ ચારેબાજુ ખુલ્યા છે. અત્યારે તો કમળાની સિઝન હોવી જોઈએ. પણ કયાંક કમળો દેખાતો નથી. કયાંક મેલેરિયા દેખાતો નથી.... હાં કયાંક કોરોનાના ટેસ્ટ જોવા મળે છે. ગાંડાલાલ બોલ્યા, કાંઈ વાંધો નહીં ડૉકટરો થાક ખાશે. જયારે કોરોના હતો ત્યારે ડૉકટરો ખોબલેને ખોબલે કમાયા છે. હવે રજાઓ લોકોને પણ શંતિ. થોડી તકલીફ ઓછી અને થોડા પૈસાની બચન થશે. ડાહ્યાલાલે કહ્યું ગાંડાલાલ આવું ના બોલો. એ કોરોના વખતે જયારે કોઈનો મળવાના.... પણ વાંધા હતા. ઘરમાં પણ લોકો એકબીજાથી ગભરાયા હતા. આવી પરિસ્થિતિમાં ડૉકટરોએ લેબવાળાઓએ, કોરોનાના દર્દીને અડીને તપાસ્યા છે. એ મોટી વાત છે. પૈસા તો જુદી વાત છે પણ પોતાનો જીવ જોખમમાં નાખીને ડૉકટરોએ સમાજની સેવા કરી છે. પૈસા મળવા એ બીજી બાબત છે. પણ આવા સમયમાં ડૉકટરોએ જે સમાજ પ્રત્યે પોતાની વફાદારી બતાવી છે એને તો સલામ જ કરવી પડે. ગાંડાલાલ તમારી વાત સાચી અત્યારે રોગચાળો એકદમ ઓછો છે. ચારેબાજુ આરોગ્યની દૃષ્ટિએ લોકોનું સ્વાસ્થ્ય સારું છે. આવી ૪૨-૪૪ ડિગ્રી ગરમીની વચ્ચે પણ લોકો ગરમીથી અકળાય છે પણ તંદુરસ્તી સારી છે. પણ ગાંડાલાલ હવે થોડા જ વખતમાં વરસાદ પડવાનો ચારેબાજુ પાણી ભરાવાા અને પાછા મેલેરિયા, ડેન્ગ્યુ, વાયરસ ઈન્ફેકશનનો ઉપદ્રવ થવાનો જ. અત્યારે સમય છે વરસાદ આવતા પહેલા પાણીની ટાંકી, વરસાદ આવવાથી પાણી ભરાઈ રહે તેવી જગ્યાઓ એ બધાને ચોખ્ખી કરી દઈએ અને આપણું, આપણા આજુબાજુના પાડોશી અને સમાજનું ભલુ કરીએ.

### દિન મહિમા

- રવિન્દ્રનાથ ટાગોરની જન્મ જયંતિ, લેખક, કવિ, નોબેલ પારિતોષિક વિજેતા
- પન્નાલાલ પટેલની જન્મ જયંતિ, લેખક
- ગુરુનાનકની પુણ્ય તિથિ, શીખ ધર્મના સ્થાપક

### આજનું ઔષધ

- તાજા પપૈયાનુ દૂધ દાદર અને દરાસ પર લગાડવાથી તેમાં રાહત મળે છે.

### ખડખડાટ

- એક સરદારજી ડૂબી રહ્યા હતા. તેને એક માછલી ને પકડી બહાર ફેંકી અને કહ્યું જા તું તો તારી જીંદગી બચાવી લે...

### આજનો વોટ્સએપ

- જિંદગી કેમેરા જેવી છે જે મહત્ત્વનું હોય તેની પર ફોકસ રાખશો તો પિકચર પરફેક્ટ મળશે.

# યુગપુરુષની પાવન સ્મૃતિ : કાંતિસેન શ્રોફ 'કાકા'




થોડા દિવસોમાં જ કાકાની વિદાયને એક વર્ષના વહાણાં વાઈ જશે. કાલની ગતિ નિરંતર છે. કાળના આ પ્રવાહમાં અનેક લોકો આવે અને પોતાના જીવનની ભૂમિકા નિભાવીને વિદાય પણ માંગે. સમય પસાર થતાં વિદાય થયેલા લોકોની સ્મૃતિ પણ આછી-પાતળી થતી જાય અથવા મર્યાદિત વર્ગમાં જળવાઈ રહે. આમ છતાં ઈતિહાસમાં એવા ભાતીગળ ઉદાહરણો પણ નોંધાયેલા છે કે જેમની સ્મૃતિ કાળના કપરા તથા સતત બદલાતા પ્રવાહમાં પણ દીર્ઘકાળ સુધી ટકી રહે છે. કાળ પણ આવા પુણ્યશ્લોક લોકોની સ્મૃતિને આદરસહ પોતાના હૈયામાં સાચવી રાખે છે. કાન્તિકાકાના પ્રભાવી જીવનકાર્યોની છાપ એ પણ કાળને સાચવવી તથા જાળવવી ગમે તેવી છે. કવિ રમેશ પારેખની એક સુંદર પંક્તિ કાકાના જીવનના સંદર્ભમાં યાદ આવે છે. કવિ લખે છે:

પડે ન સહેજે ખુદનો ડાઘો એમ જગતને અડે,
એવા કોઈ દરવેશ કે જેના કાળ સાચવે પગલાં.

કાકાની કર્મસભર તથા સમર્પિત જીવન-યાત્રાની છાપ કોઈ પણ કાળમાં પ્રસ્તુત રહેશે તેમજ અનુકરણીય ગણાશે. વિશાળ લોક સમૂહનો વિશ્વાસ સંપાદિત કરવા માટે કાકાની કાર્યપધ્ધતિ સ્નેહ તેમજ સંવેદનશીલતાના પાયા પર નિર્ભર હતી.

ભારત સરકારે કંપની એક્ટના માધ્યમથી વખતોવખત અનેક ફેરફારો કરેલા છે. આ બધા ફેરફારોમાં એક મહત્વનો સુધારો કે ઉમેરણ એ સી.એસ.આર.ની જોગવાઈને સંબંધિત છે. દરેક કંપનીએ તેના નફાનો કાયદાથી નિયત કરેલો ભાગ લોકોના હિતને અનુરૂપ હોય તેવા કામો કરવામાં વાપરવાનો છે. એ પણ ઈચ્છનીય છે કે જે વિસ્તારમાં કોઈ ઉદ્યોગ ગૃહ વ્યવસાય કે ઉત્પાદન કરતું હોય તે વિસ્તારમાં આવા કાર્યોને અગ્રતા આપવામાં આવે છે. કાયદાનો હેતુ લોકોના હિતનું રક્ષણ કરવાનો છે. કાયદાની જોગવાઈ સાથે જ ઉદ્યોગગૃહના સંચાલકોની દીર્ઘદ્રષ્ટિને કારણે સી.એસ.આર. હેઠળ ઘણાં સારા કાર્યો થયા છે. તેમજ થઈ રહયા છે.

આ પ્રકારના કાયદાનું જયારે અસ્તિત્વ ન હતું ત્યારે પણ શ્રેષ્ઠીઓ લોક હિતાર્થે અનેક પ્રકારના કામો સ્વેચ્છાએ કરતા હતા. અનેક ગામોના તળાવો એ મહદંશે રાજ્યો-રાજવીઓ કે લોકભાગીદારીથી થયેલા છે. મહાજનોની એક ઉજળી પરંપરા આપણે ત્યાં અસ્તિત્વમાં હતી. મહાત્મા ગાંધીએ લગભગ આજ વિશાળ તેમજ ઉદાર વિચારધારાને ટ્રસ્ટીશીપના સંદર્ભથી રજુ કરી. બાપુએ તેમની વાત વિગતે સમજાવી અને ઘણાં તે કાળના શ્રેષ્ઠીઓએ મહાત્માજીના માર્ગદર્શન કે સૂચન અનુસાર લોકહિતના કાર્યોમાં પોતાનું યોગદાન આપ્યું. આ ઉજળી પરંપરાના જ એક મજબૂત મણકા સમાન કાકા હતા. તેઓ કહેતા તેમજ તેમણે લખ્યું પણ છે કે સામુહિક ભાગીદારીથી અઘરાં કે અશક્ય લાગતા કામો સરળતાથી થઈ શકે છે. સરકાર-સમાજ તથા શ્રેષ્ઠીઓ વચ્ચેનો લીલો સંબંધ હંમેશા જળવાઈ રહેવો જોઈએ. ઉદ્યોગ ગૃહના મોવડીએ જે તે વિસ્તારમાં પિતાતુલ્ય લાગણી રાખીને વર્તન કરવું જોઈએ. ગામડાઓ બેઠા કરવા માટે રોજિંદા વ્યવહારમાં ટ્રસ્ટીશીપના સિદ્ધાંતનું વાસ્તવિક આચરણ કરવું તે જાણે કે તેમના જીવનના સહજ ભાગ સમાન બાબતો હતી. બે એક વર્ષ પહેલા કાકાને મળવા ગયો હતો. તેમની સાથે લોક-ભાગીદારી અંગે વાતચીત કરતો હતો આ સમયે જ પાંચ સાત લોકો કાકાને મળવા આવ્યા. PRIOR APPOINTMENT જેવો શબ્દ કાકાના લોક સાથેના વ્યવહારમાં ભાગ્યે જ જોવા મળે તેમ હતો. પહેરવેશ પરથી આ લોકો કચ્છના તદ્દન નાના તેમજ દૂરના ગામથી આવતા હતા તે સ્પષ્ટ હતું. પરંતુ જે રીતે કાકા તેમને મળ્યા અને જે પ્રકારનો સહજ આનંદ આ ગામડાના લોકોની આંખોમાં તેમ જ ચહેરા પર હતો તે ક્યારેય વિસરી જવાય તેવો નથી. આત્મીયતાના આવા સહજ અનુસંધાનથી જ સમાજમાં એકત્વનો ભાવ પ્રગટે છે. મનની શંકાઓ કે સંશયો દૂર થાય છે. નાના-મોટાના વાડા તૂટે છે. વિશાળ લોકસમૂહમાં આટલી વિશ્વસનીયતા ઉભી કરવી તે માત્ર પ્રયાસો નહિ પરંતુ દીર્ઘ તપશ્ર્યા માંગે છે. કાકાનું વ્યક્તિત્વ એક તપસ્વીને છાજે તેવું હતું. કબીરવડ સમાન આ વૃક્ષની છાયામાં જીવંત સૃષ્ટિના અનેક લોકોને શાંતિ તેમજ સુવિધાનો અનુભવ થયો છે. માત્ર નાણાંકીય સહાય આપવાથી એવી દ્રઢ વિશ્વસનીયતા ઉભી થતી નથી. પૂજ્ય ચંદાબેન(કાકી)ના માર્ગદર્શનમાં તેમજ હૂંફથી કચ્છ તથા બનાસકાંઠાની અનેક બહેનો પગભર થઈ છે. આવી લોકભાગીદારી કેમ ઉભી થઈ હશે તે અભ્યાસ કરવા જેવો વિષય છે. કાકા તથા કાકી બંને લોકસમૂહને લાભાર્થી - BENEFICIARY ગણતા ન હતા. પરંતુ ભાગીદાર - PARTNERS ગણતા હતા. ભાગીદારીમાં બંને પક્ષોનું હીર ઝળકી ઉઠે છે. તેમાંથી જ આત્મવિશ્વાસ તથા ખુમારીનો ભાવ પ્રગટ થાય છે.

સી.એસ.આર.ના કામો માટે કસાયેલા કાર્યકરોની એક કેડર તૈયાર થવી જોઈએ. ટાટા કે અઝીમ પ્રેમજી જેવા સ્થાપિત થયેલા જૂથો આ બાબતમાં ઘણાં વર્ષોથી કાર્યરત છે. ગુજરાત વિદ્યાપીઠ પણ આવા લોકોના ઘડતર માટે નિયમિત સ્વરૂપે અભ્યાસક્રમો ચલાવે છે. લોકહિતના કામો પણ અંતે તો સારું મેનેજમેન્ટ માંગે છે. માત્ર ભાવના હોવાથી પૂર્ણતઃ હેતુ સિધ્ધ થતો નથી. કાકાએ ખુબ વિચારપૂર્વક આવા હેતુને સિધ્ધ કરવા વી.આર.ટી.આઈ.-વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટનું નિર્માણ તથા સંવર્ધન કર્યું. છેલ્લા બે-ત્રણ દાયકામાં અનેક નવોદિત યુવાનોનું ત્યાં ઘડતર થયું છે. કાકાના વિચારો SUSTAINABLE DEVELOPMENT માટેના હતા. આ કલ્પનાની પરિપૂર્તિ માટે સંસ્થાકીય માળખાની આવશ્યકતા હતી. કચ્છના ભૂકંપ પછીના પુનઃ નિર્માણમાં રાજ્ય સરકાર ઉપરાંત કચ્છના અનેક ઉદ્યોગ ગૃહોનો મહત્વનો ફાળો રહયો છે. ઉદાહરણ તરીકે 'ગેઈમ્સ' એ પણ અદાણી ગ્રુપ તથા રાજ્ય સરકાર દ્વારા આરોગ્ય ક્ષેત્ર માટે થયેલી પબ્લિક-પ્રાઈવેટ પાર્ટ્નરશિપનો દિશાસૂચક પ્રથમ પ્રયોગ છે. રાજ્યમાં અન્ય સ્થળોએ પણ તે પ્રકારની વ્યવસ્થાઓ આરોગ્યના ક્ષેત્ર માટે થઈ છે.

ઋગ્વેદનો એક જાણીતો મંત્ર કાકાના જીવન તથા કાર્યોના સંબંધમાં યાદ આવે છે. 'એતાવનસ્ય મહિમા, અ તો જ્યાંયશ્ચ પુરુષઃ' આટલો તો તેમના કામનો મહિમા છે, એ પુરુષ તો એના કરતાંય મોટો છે. કાકાની સ્મૃતિ એ આપણાં માટે પ્રેરણાનો અવિરત સ્ત્રોત છે.

# પ્રેમ પણ કોઈ ગજબની ચીજ લાગે છે હોં ઉમાશંકર... 'અલપઝલપ'ના આલેખકનો સહજ ઉદગાર..!




પન્નાલાલ પટેલનો જન્મદિવસ એટલે મે મહિનાની સાતમી તારીખ..ગુજરાતી ભાષાને ગૌરવ અપાવનારા વૈશ્વિક સંવેદના ધરાવતા અદ્ભુત લેખક.કિશોરાવસ્થામાં અનેક અભાવો વચ્ચે આમતેમ ભટકી જુદી જુદી જગ્યાએ એમણે ભણતર મેળવ્યું..કઠોર સંજોગો અને મુશ્કેલીઓ સામે આપોઆપ કોઠાસૂઝ, ચબરાકી કે ઠાવકાઈથી અનુકૂલન એમને સાધ્ય હતું..એ પોતાની જાતને અનાથ બાળક સમજતા..અંગત રીતે મારી ફિલિંગ્સ પણ મારી બાલ્યાવસ્થા માટે એવી જ રહી છે..આ સરખામણી આપણા મનગમતા લેખક સાથેની આપણી આત્મીયતા કેવી હોય છે એ દર્શાવવા માટે જ કરી છે..! 'અલપઝલપ' એ કિશોર પન્નાલાલનાં રસપ્રદ શિશુસ્મરણોનો સંગ્રહ છે... જે નાનપણમાં કામલપુરની લાયબ્રેરીમાંથી મેળવી મેં વાંચ્યો હતો... હમણાં એ ફરીથી નિરાંતે વાંચ્યો... અને એટલું ઓતપ્રોત થઈ જવાયું કે. અમુક પ્રસંગો વાંચતાં આંખ પણ ભીની થઈ ગઈ... સર્જક પન્નાલાલની નિખાલસ કેફિયત. અભાવો ઝેલવા સામેની ખુમારી..ગામડાના એક ગરીબ કિશોરની સંઘર્ષકથા ,એ આ પુસ્તકની વિશેષતા છે... મને આ સ્મરણકથા પોતીકી લાગે છે એનાં કારણો છે પરંતુ કોઈપણ વાચક આ પ્રસંગો વાંચી અભિભૂત થઈ જાય એવું આ પુસ્તક છે...

'વિધ્યાનું ઘર' એ એમના શ્રમજીવી કુટુંબની ઓળખ હતી... માવડિયા બાળક પનાને ટીંગાટોળી કરી ગબા ગોરની શાળામાં પ્રવેશ અપાવવાની વાત રમુજી હોવાની સાથે તત્કાલિન ગ્રામ સમાજની ઝાંખી પણ કરાવે છે. છેવટે 'બગડા ને મેંડે વીસ 'શીખી જતો નાનકડો પનો કડકડાટ પોસ્ટકાર્ડ વાંચે છે ત્યારે ખેડુત પરિવારના માહોલમાં એના 'ગોટ મેટ ભણ્યા' ની ખુશી વ્યાપી જાય છે... એ વખતનો ઈશાનિયો એ મલક... માંડલીથી ઈડર બોર્ડીંગ સુધી ત્રણ દિવસે પહોંચાતું..તલોદ સુધી રેલ્વેની મફતીયા મુસાફરી કરવાની મજબૂરી..પકડાઈ જવાય તો ધર્માદાનાં પુસ્તકો બતાવી ગરીબ વિદ્યાર્થી તરીકે બચાવ, કે કોઠાસૂઝથી સૂઝતી અનેક તરકીબો આપણને આનંદ સાથે કારૂણ્યનો પણ એહસાસ કરાવે છે. અને તોય ગોળમટોળ અને મોજીલો કિશોર પનો છૂકછૂક ગાડીના ચાળા પાડતો અજાણી ભૂમિ ઉપર ચાલ્યો જાય છે..'છ છ પૈસા , છ છ પૈસા...' .

'મઢમને વાગ્યો કાંટો'એ પ્રસંગ અત્યંત રસપ્રદ છે..અંગ્રેજ મેડમની માથામાં નાખવાની પીન મળતાં ગામડાના લોકોનું કુતુહલ જોવા જેવું છે..ગોરો અને મઢમ ઘોડા ઉપર સાથે બેસે છે એ જોઈ લેખક લખે છે..'હાય હાય પીટયાંએ શરમ નઈ આવતી હોય લપોલપ બેસતાં...!'મેડમનો ટેન્ટ પ્રત્યક્ષ જોઈ એ કહે છે..' ઓહો આ તો લૂગડાં નું ઘર..! 'બંસીવાળા આ જો મોરે દેશ' એ ગાયન ઠાકોર સાહેબને પ્રસન્ન કરે છે અને હુકમ છુટે છે... 'ટાબરાને ઈડર બોર્ડિંગમાં ભેજયો જાય...' અને પન્નાલાલને આગળ ભણવાની જાણે લોટરી લાગી જાય છે... 'અલપઝલપ' બાળપણનાં અદ્ભૂત સ્મરણો છે... પ્રણય કહાનીઓના માસ્ટર કથા લેખક પન્નાલાલની પ્રેમ માટેની ભૂખ કેવી હતી ? એક સરસ પ્રસંગ છે...'પ્રેમાંજલિ'...એકલવાયો કિશોર પન્નાલાલ પોતાના પાલક એવા સાધુ બાવજીની સાથે એક ગામના અઠવાડિક ધાર્મિક ઉલ્લાસવાળા કાર્યક્રમમાં જાય છે... અજાણ્યા એ માહોલમાં એકલા એ કિશોરને બે બહેનપણીઓ મળી જાય છે..પાનના ગલ્લે મળેલી 'બઈબા' અને એની સખી પન્નાલાલને પાન ખવડાવે છે..પૈસા કોણ આપે એની રકઝક મજાની છે..છેવટે પૈકી બંને બહેનપણીઓ જીતી જાય છે..લેખક સરસ લખે છે.'ખરૂં પૂછો તો એ લોકોથી જીતવા કરતાં હારવામાં મને અનેરો આનંદ આવી રહયો હતો !' બઈબા તરછોડેયાલી એકલવાયી યુવતી છે.જે મનોમન પોતાનાથી થોડાક નાના એવા આ કિશોરને ચાહે છે..વ્યક્ત પણ કરે છે..એની સખી પણ એવી જ પ્રેમાળ હોય છે..લેખકનો એ નાનકડો સમય જાણે રંગીન બની જાય છે. પછી તો દરરોજ મસાલેદાર પાન અને ત્યાં જ ઉભા રહીને થતી મનગમતી વાતો..લેખકની સૂની જિંદગીમાં જાણે વસંતના વાયરા વાય છે ! બઈબાને ગોટમોટ લાગતો પનો ગમી જાય છે..આપણા લેખક તો લાગણી માટે તરસતા જ હોય છે! છેલ્લા દિવસે બઈબા પોતાના ઘેર જમવા લઈ જાય છે..વિદાયનું એ ભોજન બંને પ્રેમીઓ અને એમની વચ્ચે કડીરૂપ બનતી સખી માટે યાદગાર બની જાય છે..એકલવાયા કિશોર પન્નાલાલ માટે લાગણીનો આ સહચાર અમૂલ્ય હોય છે..એકાદ વરસ પછી સખીના ગામ બાજુથી એ નિકળે છે..પાદર ઉપર ભેગી થઈ ગયેલી સખીને એ બઈબા વિશે પૂછે છે ત્યારે થોડા મહીના પહેલાં જ એના આ જગતમાંથી વિદાય થયાના આઘાતજનક એ સમાચાર આપે છે..લેખકના મનોજગતમાં છવાઈ ગયેલી પ્રેમિકાની આવી વિદાય એમના સહિત આપણને સહુ કોઈને ગમગીન કરી જાય છે..!

પન્નાલાલના હ્રદયમાં પ્રેમ માટેનો આ જે તલસાટ છે એ એમની વાર્તાઓ અને વાતોમાં અવારનવાર પડઘાય છે..એમના શાળા સમયના સહાધ્યાયી ઉમાશંકરને એકવાર એમણે કહેલું 'પ્રેમ પણ કોઈ ગજબની ચીજ લાગે છે હોં ઉમાશંકર !'.. કરૂણતાના આલેખ જેવો બીજો એક પ્રસંગ એટલે 'ખેમરામ પ્યાસો'. એક પાગલ વ્યકિતની બાળવયે જોયેલી અમીટ શબ્દગાથા છે... અનાથ બાળક એવા પોતાને પ્રેમ આપતા યાકુબ દંપતિનો સ્નેહ કે ,પનિહારી જેવા પ્રસંગો એકાકી પન્નાલાલ માટે મીઠી વીરડી સમાન છે. કેમકે લેખક લખે છે. 'ઈડરના છ વરસ દરમિયાન ઘેરથી એક પણ કાગળ આવેલો નહીં' ઘેર પહોંચતાં રેલ્વે... ગાડું અને પગપાળા ચાલતાં ચાર દિવસ લાગતા... ઘેર પણ અસહાય મા સિવાય કોણ હતું ?.. આવી લૂખીસૂકી જિંદગીના જે અનુભવો છે એ લીલાછમ બનીને આ પુસ્તકમાં શબ્દદેહ પામ્યા છે..

'પહેલીવારનો ફોટો' પડાવતા લેખકની તરકીબ વાંચવા જેવી છે... 'દોરીવાળા બૂટ' વાર્તા ભણવામાં આવતી..માંડ માંડ મેળવેલા બૂટ ને સાચવવામાં એમના પગ મોટા થઈ ગયા ! એ વાત કરુણતાના લીબાશમાં પણ રમૂજ કરાવી જાય છે.. 'મા ની વિદાય' અને 'ખોડ આવી ગઈ' એ લેખો વાંચતાં રડી જ પડાય.. પન્નાલાલ એક અદ્ભૂત કથાકાર છે. આ પ્રકારનાં શિશુસ્મરણો આપણી ભાષામાં બહુ જૂજ હશે..લેખક બહુ સરળ ભાવે પોતાની વાતો લખે છે. એ વીતકકથા નથી..અભાવકથા પણ નથી, કે નથી વાચકોની લાગણી મેળવવાનો પ્રયાસ...આ તમામ પ્રસંગો નિખાલસ સાહિત્યિક આલેખનો છે..જે સહુ કોઈને સ્પર્શી જાય છે...

'છ છ પૈસા, છ છ પૈસા 'એમ મનોમન મીમીક્રી કરી રેલ્વેના પાટે પાટે એકલો નિકળી પડેલો પનો, ગુજરાતી સાહિત્યના ધોરીમાર્ગ ઉપર 'જ્ઞાનપીઠ' થી સન્માનિત દિગ્ગજ લેખક પન્નાલાલ પટેલ બન્યા એ ઘટના ચમત્કારથી જરા પણ કમ નથી... ગુજરાતના ઈશાન ખૂણે માંડલી નામનું નાનકડું ગામ એ આ લેખકનું સ્મૃતિધામ છે..મારી દિકરી સાથે એમના એ ઘરની લીધેલી મુલાકાત યાત્રાથી જરા પણ કમ નથી..જે ખેતરમાં બેસીને એમણે 'માનવી ની ભવાઈ' નામે વિશ્વપ્રસિદ્ધ નવલકથા લખી એ ખેતરની મુલાકાત એ અવર્ણનીય રોમાંચ હતો..એ ધરતીની ધૂળનો મેં જયારે સ્પર્શ કર્યો ત્યારે મારા મનોજગતમાં મારા ગામ કામલપુરની ધુળભરી એક આંધી ઉમટી પડી હતી..

આજે આ મહાન લેખકનો જન્મ દિવસ છે...અનેક નવલકથાઓ, વાર્તાઓ..ઈનામો એમના નામે છે. સર્વોચ્ચ જ્ઞાનપીઠ એવોર્ડ એમાં યશકલગી સમાન છે.. 'અલપઝલપ' એ ગુજરાતી ભાષાના પ્રત્યેક વિદ્યાર્થીએ અચુક વાંચવા જેવું પુસ્તક છે..

(પન્નાલાલ પટેલ જન્મ ૭/૫/૧૯૧૨... મૃત્યુ... ૬/૪/૧૯૮૯..

'માનવી ની ભવાઈ' ૧૯૪૭માં પ્રગટ થઈ...'મળેલા જીવ ૧૯૪૦માં...'અલપઝલપ' ૧૯૭૨માં...)

- (rrthakkar2@gmail.com)